| | | | | |
|---|---|---|---|---|
| GJKT020014042015 | દાખલ તારીખ | ૦૪/૦૩/૨૦૧૫ | | |
| | નોંધ્યા તારીખ | ૦૪/૦૩/૨૦૧૫ | | |
| | નિકાલ તારીખ | **૦૯/૦૭/૨૦૨૬** | | |
| | સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
| | | ૧૧ | ૪ | ૫ |

**નામદાર સુપ્રિમ કોર્ટના SUO MOTO WRIT (CRL) No.(S) 1/2017 તથા ક્રિમીનલ મેન્યુઅલના ચેપ્ટર VI ના 179 A અન્વયેના નોટી ફીકેશન નં.સી–૨૦૦૧–૯૩, તા.૨૦/૫/૨૦૨૨ ના ઠરાવેલ પ્રફોર્મા મુજબ**

## FORM : A

**ના.શ્રી અધિક ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં,**
**મુકામ : ભુજ–કચ્છ**

**ફોજદારી કેસ નંબર : ૫૪૮/૨૦૧૫**

**આંક–બી/૬૧**

**એફ.આઈ.આર. ની વિગતો, ગુન્હો અને પોલીસ સ્ટેશન :–**

| | |
|---|---|
| પોલીસ સ્ટેશન<br>એફ.આઈ.આર. નંબર | **પધ્ધર પોલીસ સ્ટેશન**<br>**સેકન્ડ ગુ.ર.નં.૩૦૬૪/૨૦૧૪** |
| ગુન્હો | **ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબ** |
| **ત્હોમતનામા મુજબ ત્હોમત** | ઉપર મુજબ |
| **ફરીયાદી** | શ્રી સરકાર (સ્ટેટ ઓફ ગુજરાત)<br>(મુળ ફરીયાદી : ગફુર સાલેમામદ ત્રાયા) |
| વિધ્વાન એ.પી.પી. | **શ્રી એ.એન.ઠાકોર** |
| **આરોપી** | **૧. રહીમ મામદભાઈ નોળે**<br>ઉ.વ. ૪૩, ધંધો–ડ્રાયવીંગ<br>રહે. કુકમા, તા. ભુજ–કચ્છ<br>**૨. કાસમશા હુશેનશા શેખ**<br>**(આરોપી નં.૨ મરણ જતા તેમના પુરતું કામ એબેટ કરવાનો હુકમ કરવામાં આવેલ છે.** |
| **બચાવપક્ષ તરફે** | **વિધ્વાન વકીલ શ્રી –** |

## **FORM–B**

| | |
|---|---|
| ગુન્હો બન્યા તારીખ | ૨૭/૧૦/૨૦૧૪ |
| ફરીયાદની તારીખ | ૨૮/૧૦/૨૦૧૪ |
| ચાર્જશીટની તારીખ | ૨૮/૧/૨૦૧૫ |
| ત્હોમત ફરમાવ્યાની તારીખ | –– |
| પુરાવો શરુ કર્યાની તારીખ | ૩૦/૪/૨૦૨૪ |
| ચુકાદો અનામતમાં રાખ્યા તારીખ | – |
| ચુકાદાની તારીખ | **ઉપર મુજબ** |
| સજાના હુકમની તારીખ જો કોઇ હોય તો | – |

### **આરોપી/ઓની વિગત :–**

| આરોપી નંબર | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન ઉપર મુકત કરવામાં આવેલ હોય તો, તેની વિગત | કયા ગુનાનો આક્ષેપ છે ? | નિર્દોષ છોડવામાં આવ્યા કે કસુરવાર ? | શું સજા કરી ? | બી.એન.એસ.એસ. ની કલમ–૪૬૮ મુજબ ટાયલ પડતર હોય તેવા સમય દરમ્યાન કેટલો સમય કાચા કામના કેદી તરીકે રહેલા છે ? |
|---|---|---|---|---|---|---|---|
| ૧.<br>૨. | ઉપર મુજબ | ૧૬/૧/૨૦૧૫<br>૨૮/૧/૨૦૧૫ | ૧૭/૧/૨૦૧૫<br>૨૮/૧/૨૦૧૫ | ઉપર મુજબ | હુકમ મુજબ | – | – |

## **FORM–C**

### **ફરીયાદપક્ષ, બચાવપક્ષ અને કોર્ટના પુરાવાનું લીસ્ટ :–**

### **(એ) ફરીયાદપક્ષ તરફે મૌખિક પુરાવા (જુબાની) :**

| **સાહેદ નંબર** | **સાહેદનું નામ** | **કયા પ્રકારનો સાહેદ/પુરાવો** | **આંક** |
|---|---|---|---|
| ૧. | નુરમામદ સુમાર બાફણ | પંચ સાહેદ | ૨૫ |
| ૨. | જાનમામદ ઉમર ત્રાયા | પંચ સાહેદ | ૩૭ |
| ૩. | નટુભા ભીખુભા જાડેજા | પંચ સાહેદ | ૩૯ |
| ૪. | વશીમ મામદ મથડા | સાહેદ | ૪૩ |
| ૫. | મહેમુદ ઓસમાણ માંજોઠી | સાહેદ | ૫૬ |

| | | | |
|---|---|---|---|
| ૬. | અકબર રમજુ બકાલી | સાહેદ | ૫૭ |
| ૭. | ગોપાલભાઈ કરશનભા ખાખલા માજોઠી | ત.ક.અ. | ૫૮ |

## (બી) બચાવપક્ષે સાહેદો જો હોય તો,

| સાહેદ નંબર | સાહેદનું નામ | કયા પ્રકારનો સાહેદ/પુરાવો | આંક |
|---|---|---|---|
| ૧. | – | – | – |

## (સી) કોર્ટ સાહેદો જો હોય તો,

| સાહેદ નંબર | સાહેદનું નામ | કયા પ્રકારનો સાહેદ/પુરાવો | આંક |
|---|---|---|---|
| ૧. | – | – | – |

## ફરીયાદપક્ષ તરફે આંકે પડેલા દસ્તાવેજી પુરાવા :

| અનુ. નંબર | વિગત | આંક |
|---|---|---|
| ૧. | સ્થાનિક જગ્યાનું પંચનામું | ૨૬ |
| ૨. | મુદામાલ કબજે કર્યાનું તથા અટક પંચનામું | ૩૮ |
| ૩. | ફરીયાદ | ૫૯ |
| ૪. | ફરીયાદીનું સારવાર સર્ટીફીકેટ | ૬૦ |

## બચાવપક્ષ તરફે આંકે પડેલા દસ્તાવેજી પુરાવા :

| અનુ. નંબર | વિગત | આંક |
|---|---|---|
| ૧. | – | – |

## કોર્ટ તરફે આંકે પડેલા દસ્તાવેજી પુરાવા :

| અનુ. નંબર | વિગત | આંક |
|---|---|---|
| ૧. | – | – |

## -:: ચુકાદો ::-

(૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, તા.૨૭/૧૦/૨૦૧૪ ના રોજ કલાક ૨૨-૩૦ વાગ્યા દરમ્યાન કુકમા ગામે, તા. ભુજ-કચ્છ મધ્યે આ કામના આરોપી ફરીયાદીને કહેલ કે તું ગુરુકૃપા ટ્રાન્સપોર્ટમાં મહેતાજી છે મને પગાર જલ્દી કેમ નથી મળતો તેમ કહી મા-બેન સમી ભુંડી ગાળો આપી લાકડી વડે માર મારી આરોપી નં.૨ (જે ચાલતા કામે મરણ જતા તેમના પુરતું કામ એબેટ થયેલ છે) નાએ પણ ધકબુશટનો માર મારી પકડી રાખી નં.૧ નાએ જાનથી મારી નાખવાની ધમકી આપી એકબીજાને મદદગારી કરી તેમજ બનાવ સમયે જીલ્લા મેજીસ્ટ્રેટ સાહેબ, કચ્છ નાઓનું હથિયારબંધીનું જાહેરનામું અમલમાં હોવા છતાં જાહેરમાં હથિયાર ધારણ કરી જાહેરનામાનો ભંગ કરી ભારતીય દંડ સંહિતાની કલમ-૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી.એકટની કલમ-૧૩૫ મુજબનો ગુનો કરેલ છે.

(૨) જે ફરીયાદ ઉપરોકત મુજબના શિક્ષાને પાત્ર ગુનાથી નોંધી, આ કામની તપાસ જે તે તપાસ કરનાર અધિકારીને સોંપાતા તેઓએ આ કામની તપાસ કર્યા બાદ તપાસના અંતે તેઓએ હાલનું આ ચાર્જશીટ આરોપી સામે ચીફ જયુડીશીયલ મેજીસ્ટેટ સાહેબ, ભુજની કોર્ટમાં રજુ કરેલું અને તેઓ સાહેબ તરફથી સદરહુ કેસ અત્રેની કોર્ટમાં ન્યાયિક કાર્યવાહી થવા માટે ટ્રાન્સફર થઈ ક્રમશ: આ કોર્ટમાં આવેલ છે.

(૩) ચાર્જશીટ રજુ થયા બાદ આરોપીઓને હાજર રહેવા અનેક પ્રોસેસ કરવા છતાં હાજર રહેલા નથી. જેથી તેઓની સામે ઉપરોકત ગુનાઓ સંબંધેનું ત્હોમતનામું ફરમાવી, નિવેદન/પ્લી નોંધી શકાયેલ નથી. કેસ જુનો હોઈ અને આરોપીને વારંવાર પ્રોસેસ કરવા છતાં ઘણા લાંબા સમયથી મળી આવતા નથી. જે જોતા ત્યારબાદ આ કામે આરોપી સામે સી.આર.પી.સી. કલમ-૨૯૯ મુજબ તેમની ગેરહાજરીમાં કામ આગળ ચલાવવાનો હુકમ કરવામાં આવેલ છે.

(૪) ફરીયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે ઉપર મુજબ ફોર્મ–સી મુજબના મૌખિક અને દસ્તાવેજી પુરાવા રજુ કરેલા છે.

(૫) ઉપરોકત પુરાવા સિવાય ફરીયાદપક્ષે વધુ કોઈ પણ જાતનો પુરાવો રજુ કરેલ નથી અને આ કામે ફરીયાદપક્ષે પોતાનો પુરાવો પુરો થયાનું જાહેર કરતાં કિ.પ્રો.કોડની કલમ–૩૧૩ અન્વયે આરોપીનું વિશેષ નિવેદન નોંધવા પર કામ મુકવામાં આવેલ પરંતુ આરોપી હાજર રહેતા ન હોઈ અને કલમ–૨૯૯ નો હુકમ થયેલ હોઈ આરોપીનું વિશેષ નિવેદન નોંધી શકાયેલ નથી.

(૬) ત્યારબાદ ફરીયાદપક્ષે વિધ્વાન એ.પી.પી.શ્રીએ દલીલ કરેલ છે કે, ફરીયાદપક્ષ પોતાનો નિ:શંકપણે પુરાવો રજુ કરેલ હોઈ આરોપીને કાયદામાં ફરમાવેલ સખતમાં સખત સજા કરવા જણાવેલ છે.

(૭) સદરહુ કેસમાં સી.આર.પી.સી. કલમ–૨૯૯(૧) હેઠળ આરોપીની ગેરહજરીમાં કામ ચલાવવાનો હુકમ થયેલ હોય, આરોપી તરફે દલીલ કરવામાં આવેલ નથી.

(૮) સદરહુ કેસના ન્યાયિક નિર્ણય અને નિકાલ માટે મારી સમક્ષ નીચે મુજબના મુદાઓ ઉપસ્થિત થાય છે.

**–:: મુદાઓ ::–**

૧. શું ફરીયાદપક્ષ વ્યાજબી શંકાથી પર એવું સાબીત કરે છે કે, તા.૨૭/૧૦/૨૦૧૪ ના રોજ કલાક ૨૨–૩૦ વાગ્યા દરમ્યાન કુકમા ગામે, તા. ભુજ–કચ્છ મધ્યે આ કામના આરોપી ફરીયાદીને કહેલ કે તું ગુરુકૃપા ટ્રાન્સપોર્ટમાં મહેતાજી છે મને પગાર જલ્દી કેમ નથી મળતો તેમ કહી મા–બેન સમી ભુંડી ગાળો આપી લાકડી વડે માર મારી આરોપી નં.૨ (જે ચાલતા કામે મરણ જતા તેમના પુરતું કામ એબેટ થયેલ છે) નાએ પણ ધકબુશટનો

માર મારી પકડી રાખી નં.૧ નાએ જાનથી મારી નાખવાની ધમકી આપી એકબીજાને મદદગારી કરી તેમજ બનાવ સમયે જીલ્લા મેજીસ્ટ્રેટ સાહેબ, કચ્છ નાઓનું હથિયારબંધીનું જાહેરનામું અમલમાં હોવા છતાં જાહેરમાં હથિયાર ધારણ કરી જાહેરનામાનો ભંગ કરી ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે ?

૨. શું હુકમ ?

(૯) ઉપરોકત મુદાઓ પરત્વેના મારા નિર્ણય નીચે દર્શાવેલ કારણોસર નીચે મુજબ છે.

<u>**નિર્ણય :–**</u> ૧. નકારમાં

૨. આખરી હુકમ મુજબ

**<u>–:: નિર્ણય માટેના કારણો ::–</u>**

**<u>મુદા નં. ૧ ની ચર્ચા :–</u>**

(૧૦) આ કામના આરોપી વિરુધ્ધ આક્ષેપાયેલા ગુના સંબંધે ફરીયાદપક્ષે નીચે મુજબના સાહેદોનો પુરાવો રજુ કરેલ છે.

**<u>સાહેદોનો પુરાવો :–</u>**

(૧૧) ફરીયાદપક્ષે આ કામે **પંચ સાહેદ નુરમામદ સુમાર બાફણને આંક–૨૫ થી** સોગંદ ઉપર તપાસેલા છે. આ સાહેદ પોતાની સોગંદ પરની જુબાનીમાં પંચનામામાં પોતાની સહી ઓળખી બતાવેલ છે અને સ્થાનિક જગ્યાનું પંચનામું પુરાવામાં આંક–૨૬ થી રજુ થયેલ છે. તેઓએ જણાવેલ છે કે તેઓ પંચનામા બાબતે કાંઇ જાણતા નથી અને તેઓ પોલીસ સાથે કયાંય ગયેલ નથી અને તેમની રુબરુમાં કોઇ કાર્યવાહી થયેલ નથી.

(૧૨) ફરીયાદપક્ષે આ કામે **પંચ સાહેદ જાનમામદ ઉમર ત્રાયાને આંક–૩૭ થી તથા નટુભા ભીખુભા જાડેજાને આંક–૩૯ થી** સોગંદ ઉપર તપાસેલા છે. આ સાહેદ પોતાની સોગંદ પરની જુબાનીમાં પંચનામામાં પોતાની સહી ઓળખી બતાવેલ છે અને મુદામાલ કબજે કર્યાનું તથા અટક પંચનામું પુરાવામાં આંક–૩૮ થી રજુ થયેલ છે. તેઓએ જણાવેલ છે કે તેઓ પંચનામા બાબતે કાંઇ જાણતા નથી અને તેઓ પોલીસ સાથે કયાંય ગયેલ નથી અને તેમની રુબરુમાં કોઇ કાર્યવાહી થયેલ નથી.

(૧૩) ફરીયાદપક્ષે આ કામના **સાહેદ વશીમ મામદ મથડાને આંક–૪૩ થી** સોગંદ ઉપર તપાસેલા છે. આ સાહેદ પોતાની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવ વિશે તેઓ કાંઇ જાણતા નથી. તે ફરીયાદી કે આરોપીને જાણતા નથી. તેમણે પોલીસને ઝઘડા અંગે કોઇ હકીકત લખાવેલ નથી. બનાવ વિશે કોઇ માહિતી નથી.

(૧૪) ફરીયાદપક્ષે આ કામના **સાહેદ ત.ક.અ. ગોપાલભાઇ કરશનભાઇ ખાખલા માંજોઠીને આંક–૫૮ થી** સોગંદ ઉપર તપાસેલા છે. આ સાહેદ પોતાની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, તા.૨૫/૧૦/૨૦૧૪ ના રોજ તેઓ પધ્ધર પો.સ્ટે. માં ફરજ પર હતા ત્યારે એમ.એલ.સી. ના કામે ફરીયાદી ગફુરભાઇ સાલેમામદ ત્રાયાના લખાવ્યા મુજબની ફરીયાદ લખી લઇ સહી લીધેલ જે ફરીયાદ તથા સહી ઓળખી બતાવેલ છે અને ફરીયાદ આંક–૫૯ થી રજુ કરેલ છે. જે ફરીયાદ ગુનો દાખલ થવા આપતા સેકન્ડ ગુ.ર.નં. ૩૦૬૪/૧૪ થી દાખલ થયેલ અને તપાસ તેઓને સોંપાતા તેઓએ સ્થાનિક જગ્યાનું તથા અટક પંચનામા કરેલા જે આંક–૨૬ અને ૩૮ થી રજુ છે જેમાં પંચોએ તેઓ રુબરુ સહી કરેલ છે જે ઓળખી બતાવે છે. તપાસના કામે લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલા. ઇજા પામનાર ફરીયાદીનું સારવાર સર્ટીફીકેટ મેળવેલ જે આંક–૬૦ થી રજુ કરેલ છે. તપાસના અંતે આરોપી સામે પુરતા પુરાવા હોઇ ચાર્જશીટ કરેલ. આ કામના આરોપી,

ફરીયાદી તથા સાહેદો પુરતા પ્રયત્નો કરવા છતાં મળી આવેલ નથી અને નજીકના ભવિષ્યમાં મળી શકે તેવી શકયતા જણાતી નથી.

આ કામે આરોપીની ગેરહાજરીમાં પુરાવો નોંધવાનો હુકમ થયેલ હોઇ, બચાવપક્ષે ઉલટતપાસ નથી.

(૧૫) ફરીયાદપક્ષે આ કામના **સાહેદ અકબર રમજુ બકાલીને આંક–૫૭ થી** સોગંદ ઉપર તપાસેલા છે. આ સાહેદ પોતાની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, આ કેસની કોઇ હકીકતની તેમને ખબર નથી. ૧૪–૧૫ વર્ષ પહેલા પોલીસને તેમણે કોઇ હકીકત લખાવેલ નથી. આ સિવાય કાંઈ જાણતા નથી.

આસાહેદ ફરીયાદપક્ષને સમર્થન આપતા ન હોઈ હોસ્ટાઇલ જાહેર કરાવી ઉલટતપાસ કરેલ છે તેમાં પણ સમર્થનકારી હકીકત જણાવેલ નથી.

(૧૬) ફરીયાદપક્ષે આ કામના **સાહેદ મહેમુદ ઓસમાણ માંજોઠીને આંક–૫૬ થી** સોગંદ ઉપર તપાસેલા છે. આ સાહેદ પોતાની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, આ કેસની કોઇ હકીકતની તેમને ખબર નથી. ૧૪–૧૫ વર્ષ પહેલા પોલીસને તેમણે કોઇ હકીકત લખાવેલ નથી. આ સિવાય કાંઈ જાણતા નથી.

આસાહેદ ફરીયાદપક્ષને સમર્થન આપતા ન હોઈ હોસ્ટાઇલ જાહેર કરાવી ઉલટતપાસ કરેલ છે તેમાં પણ સમર્થનકારી હકીકત જણાવેલ નથી.

(૧૭) **<u>કલમ–૨૯૯ CrPC હેઠળના પુરાવાનું મૂલ્યાંકન :</u>**

આ કેસમાં કલમ–૨૯૯ મુજબ પુરાવા નોંધવામાં આવ્યા છે. આ કલમનો ઉદ્દેશ્ય માત્ર પુરાવાઓને સાચવી રાખવાનો (Preservation of evidence) છે.

- **કાયદાકીય જોગવાઈ :** કલમ–૨૯૯ હેઠળ નોંધાયેલી જુબાની ત્યારે જ આરોપી વિરુદ્ધ વાપરી શકાય જો તે સાક્ષી મૃત્યુ પામ્યો હોય અથવા મળી શકે તેમ ન હોય. પરંતુ જો સાક્ષી કોર્ટમાં હાજર રહી જુબાની આપે અને

તેમાં આરોપીનું નામ ન લે, તો તે પુરાવો આરોપીને નિર્દોષ છોડવા માટે પૂરતો છે.

- નામદાર સુપ્રીમ કોર્ટે "**Nirmal Singh v. State of Haryana** (2000) 4 **SCC** 41" માં ઠરાવ્યું છે કે, કલમ–૨૯૯ હેઠળની કાર્યવાહી આરોપીના બચાવના અધિકારને મર્યાદિત કરે છે, તેથી આવા પુરાવાનું અર્થઘટન અત્યંત કડક રીતે (Strictly) થવું જોઈએ. જો પુરાવામાં આરોપીની ઓળખ જ ન હોય, તો તે પુરાવો નિરર્થક છે.

## (૧૮) ફરીયાદપક્ષે રજુ થયેલ પુરાવાનું મુલ્યાંકન :–

(૧૮.૧) આ કામના ભોગ બનનાર ફરીયાદીને પ્રોસેસ બજેલ નથી અને તે સંજોગોમાં ફરીયાદપક્ષ આ કામના ફરીયાદીનો પુરાવો નોંધાવી શકેલ નથી. આમ બનાવ શું અને કેવી રીતે બનેલો તે અંગેની કોઇ હકીકત રજુ થતી નથી. વધુમાં આ કામના અન્ય સાહેદ વશીમ, સાહેદ અકબર અને સાહેદ મહેમુદ ઓસમાણ બનાવ અંગે કશુ જાણતા નથી તે મુજબની હકીકત જણાવેલ છે. આમ તેઓનો પુરાવો ફરીયાદપક્ષને મદદરુપ થતો નથી.

(૧૮.૨) આ કામના પંચ સાહેદ પંચનામાની હકીકતને સમર્થન આપેલ નથી અને તે રીતે સ્થાનિક જગ્યાના પંચનામાની હકીકત તથા મુદામાલ રીકવરી તથા અટક કર્યાની હકીકતોના પંચ સાહેદોના પુરાવાથી પંચનામાની હકીકત પુરવાર થતી નથી.

(૧૮.૩) આ કામના તપાસ કરનાર અમલદારે આંક–૫૮ થી પુરાવો આપેલ છે જેમાં તેઓ તેઓએ જે કામગીરી કરેલ તે મતલબનો પુરાવો આપેલ છે. વધુમાં તેઓના પુરાવામાં ફરીયાદીનું સારવાર સર્ટીફીકેટ રજુ છે જે વંચાણે લેતા તેમાં હાલના કોઇ આરોપીએ તેને લાકડી વડે માર મારી ઈજા પહોંચાડેલ હોય તેવી હકીકત ઈજાની હીસ્ટ્રીમાં લખાવેલ નહીં હોવાનું જણાય છે. આ કામે ફરીયાદીએ ફરીયાદ નામજોગ આપેલ છે તેમ છતાં ડોકટર સમક્ષ આ

ઈજા કોણે કેવી રીતે કરેલ તેવી હકીકત કેમ લખાવેલ નથી તે સ્પષ્ટ બનતું નથી અને શંકાસ્પદ બની જાય છે.

(૧૮.૪) આમ ફરીયાદપક્ષે રજુ થયેલ તમામ પુરાવાથી હાલના આરોપીએ સદરહુ ગુનો આચરેલ હોય તેવી હકીકત પુરવાર થતી નથી. આ કામે આરોપી નં.૨ મરણ ગયેલ છે અને આરોપી નં.૧ સામે કલમ-૨૯૯ નો હુકમ થયેલ છે. આ કામે ફરીયાદપક્ષે રજુ પુરાવાની હકીકત ધ્યાને લેતા ભવિષ્યમાં આરોપી મળી આવે તો પણ આરોપીને તકસીરવાન ઠરાવી શકાય તેમ જણાતું નથી. કોર્ટમાં કેસોના ભારણ વધતા જાય છે હાલના કામે પુરાવો ધ્યાને લેતા ન્યાયિક નિર્ણય લેવો જરુરી બને છે.

(૧૯) ફોજદારી ધારાની જોગવાઈ ધ્યાને લેવામાં આવે તો ફરીયાદપક્ષે પોતાનો કેસ પોતાના પુરાવાથી સાબીત કરવાનો રહે છે અને ફરીયાદપક્ષ જો પોતાનો કેસ સાબીત કરવામાં સફળ ન થાય તો તેનો લાભ હંમેશા આરોપીને મળે અને અગાઉ ચર્ચા કરી તે મુજબ ફરીયાદપક્ષનો સમગ્ર પુરાવો વંચાણે લેવામાં આવે તો આરોપીને હાલના ગુના કામે સાંકળી શકાય તેવો પુરાવો રજુ કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ નિવડેલ હોય તેવા સંજોગોમાં મુદા નં.૧ નો જવાબ નકારમાં ઠરાવી, મુદા નં.૨ અંગે છેવટનો આખરી હુકમ નીચે મુજબ ફરમાવવામાં આવે છે.

## -:: આખરી હુકમ ::-

૧. આ કામના ઉપરોકત આરોપીને કિ.પ્રો.કોડની કલમ-૨૪૮(૧) અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ-૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી.એકટની કલમ-૧૩૫ મુજબના ગુનામાંથી પુરતા પુરાવાના અભાવે શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે. (નામદાર ગુજરાત વડી અદાલતના **Sharad Jethalal Savla Vs. State of Gujarat, Criminal Misc.Application No.**19862/2015, **dt.**14.11.2016, ચુકાદા અન્વયે સી.આર.પી.સી. ની કલમ-૩૫૩(૬)

મુજબ નામદાર ગુજરાત હાઇકોર્ટના સરકયુલર નં.૧૬૧૮/૨૦૧૬, તા.૦૫/૦૭/૨૦૧૬ અન્વયે આરોપીની ગેરહાજરીમાં ઠરાવ જાહેર કરવામાં આવેલ છે).

૨. અપીલ કોર્ટમાં હાજર રહેવાની બાંહેધરી માટે ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૪૩૭(એ) અન્વયે આરોપીએ અગાઉ આપેલ જામીન ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

૩. અપીલ સમય વિત્યા બાદ મુદામાલ અંગે નિયમ મુજબની કાર્યવાહી કરી નાશ કરવો.

હુકમ આજ તારીખ : ૦૯, માહે જુલાઇ, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરીને જાહેર કરવામાં આવ્યો.

તા.૦૯/૦૭/૨૦૨૬
ભુજ–કચ્છ
MD

**(કે.સી.જોષી)**
અધિક ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ
ભુજ–કચ્છ (કોડ નં.જીજે૦૧૧૩૨)